



# 5 બાબતો જેના વિશે તમારે જાણવું જોઈએ

# જાહેર આવાસમાં જાતીય અભિગમ અને લિંગ ઓળખ અથવા અભિવ્યક્તિના આધારે ભેદભાવ અથવા પજવણી સામે રક્ષણ

1 **ન્યુ જર્સી લૉ અગેન્સ્ટ ડિસ્ક્રિમિનેશન (LAD) (ન્યુ જર્સી ભેદભાવ સામેનો કાયદો) વાસ્તવિક અથવા કથિત લિંગ ઓળખ અથવા અભિવ્યક્તિના આધારે જાહેર આવાસ સ્થળોમાં** (જે જનતા માટે ખુલ્લા સ્થળો છે, જેમ કે વ્યવસાયો, રેસ્ટોરન્ટ, શાળાઓ, સમર કેમ્પ, હોસ્પિટલો, ડોક્ટરની ઓફિસો અને સરકારી એજન્સીઓ) ભેદભાવ અને પજવણીને પ્રતિબંધિત કરે છે, જેમાં ટ્રાન્સજેન્ડર, બિન-દ્વિસંગી, અથવા લિંગ બિન-અનુરૂપ હોવા અથવા કથિત રૂપે હોવાનો સમાવેશ થાય છે.

2 **એલએડી લિંગ ઓળખ અથવા અભિવ્યક્તિને આધારે સંપૂર્ણ અથવા સમાન આવાસન, લાભો, સુવિધાઓ, વિશેષાધિકારો અથવા સેવાઓનો ઇનકાર કરવાથી જાહેર આવાસને પ્રતિબંધિત કરે છે.** બીજા શબ્દોમાં, કોઈ જાહેર આવાસ કોઈ વ્યક્તિ ટ્રાન્સજેન્ડર, બિન-દ્વિસંગી, અથવા લિંગ બિન-અનુરૂપ હોવાને કારણે તેની સાથે અલગ રીતે વ્યવહાર ન કરી શકે અથવા તેને પ્રવેશ આપવા, વ્યવહાર કરવા અથવા સેવા આપવાનો ઇનકાર કરી શકતા નથી. ઉદાહરણ તરીકે, કોઈ હોસ્પિટલ અથવા ડોક્ટરની ઓફિસ કોઈ સંભવિત દર્દી ટ્રાન્સજેન્ડર હોવાને કારણે તેને સંભાળ આપવાનો ઇનકાર, અથવા સારવારમાં વિલંબ કરી શકતા નથી. આ ઉપરાંત, લિંગના આધારે રૂમ સોંપતી હોસ્પિટલે વ્યક્તિની લિંગ ઓળખ અથવા અભિવ્યક્તિને અનુરૂપ તેમ કરવું આવશ્યક છે.

3 **એલએડી જાહેર આવાસના સ્થળોને ગ્રાહકો, વિદ્યાર્થીઓ, આશ્રયદાતાઓ અથવા દર્દીઓની તેમની લિંગ ઓળખ અથવા અભિવ્યક્તિને આધારે પજવણી કરવાની મંજૂરી આપવાથી પ્રતિબંધિત કરે છે** જેથી શત્રુતાપૂર્ણ વાતાવરણ ઉભું થાય. ઉદાહરણ તરીકે, શાળાના આગેવાનો પગલાં લેવાથી ઇનકાર કરી શકતા નથી જો તેઓ જાણતા હોય અથવા તેઓને જાણ હોવી જોઈતી હોય કે કોઈ વિદ્યાર્થી ટ્રાન્સજેન્ડર હોવાને કારણે તેની વારંવાર પજવણી કરવામાં આવે છે, અપમાનિત કરવામાં આવે છે અથવા નામેથી ચીડવવામાં આવે છે.

4 **એલએડી મુજબ એ જરૂરી છે કે વ્યક્તિઓ સાથે તેમની લિંગ ઓળખને અનુરૂપ વર્તન કરવામાં આવે..** અન્ય બાબતોમાં, ટ્રાન્સજેન્ડર લોકોને તેમની લિંગ ઓળખ અથવા અભિવ્યક્તિને અનુરૂપ બાથરૂમ અથવા કપડાં બદલવાના રૂમનો ઉપયોગ કરવાની પરવાનગી હોવી જ જોઈએ. તેઓને તેમના પસંદ કરેલા નામ, શીર્ષક અથવા સર્વનામથી સંબોધાવાનો પણ અધિકાર છે. તેમને આ અધિકારોનો ઉપયોગ કરવા માટે લિંગના કોઈ વિશેષ "પુરાવા" બતાવવાની જરૂર નથી.

5 **કોઈ જાહેર આવાસનું સ્થળ કોઈ વ્યક્તિ સામે** આ અથવા એલએડી હેઠળના કોઈપણ અન્ય અધિકારોનો ઉપયોગ કરવા અથવા ઉપયોગ કરવાનો પ્રયાસ કરવા માટે પ્રતિશોધ લઈ શકતા નથી.

વધુ જાણવા માટે અથવા ફરિયાદ દાખલ કરવા માટે, **NJCivilRights.gov** પર જાઓ અથવા **1.833.NJDCR4U** પર કોલ કરો


OFFICE OF THE ATTORNEY GENERAL · STATE OF NEW JERSEY

NJ Office of the Attorney General

NJCivilRights.gov

NJ DIVISION ON CIVIL RIGHTS

@CivilRightsNJ #CivilRightsNJ #StandUpAgainstHate

02/25/21